| | | | |
|---|---|---|---|
| GJBN060000722026 | सत्यमेव जयते | રજુ તારીખ | ૨૯–૦૧–૨૦૨૬ |
| | | દાખલ તારીખ | ૨૯–૦૧–૨૦૨૬ |
| | | નિકાલ તારીખ | ૦૭–૦૫–૨૦૨૬ |
| | | અવધિ | વર્ષ–માસ–દિવસ |

**ગારીયાધારના મહે.પ્રિન્સીપાલ સિવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામ : ગારીયાધાર**

| | |
|---|---|
| **રેગ્યુલર દિવાની મુકદમા નંબર** | **૩૫/૨૦૨૬** |
| **આંક** | **૨૭** |

| | |
|---|---|
| વાદી | **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**<br>તે ધી ઈન્ડીયન ઈલે.એકટ અન્વયે રચાયેલ,<br>વિદ્યુત કંપની અને તેના નાયબ ઈજનેર થુ<br>ગારીયાધાર સબ ડીવીઝન,<br>**તા.ગારીયાધાર,જિ.ભાવનગર** |
| | **વિરૂધ્ધ** |
| પ્રતિવાદી | **ફારૂકભાઈ ઉમરભાઈ દલ**<br>ઉ.વ.પુખ્ત,રહે.ખોડવદરી,<br>તા.ગારીયાધાર, જિ.ભાવનગર |

**દાવો : રૂ.૨૦,૨૩૭/૫૩ પૈસા વસુલ લેવા અંગે.**

..........................................................................................
વાદી તરફે વિ.વ.શ્રી આઈ.એલ.પરમાર
પ્રતિવાદી તરફે કોઈ નહી.
..........................................................................................

**–: ચુકાદો :–**

(૧) આ કામે વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી ગુજરાત ઈલેકટ્રીક ઈન્ડસ્ટ્રીઝ (રી–ઓર્ગેનાઈઝેશન અને રેગ્યુલેશન) એકટ–૨૦૦૩ કાયદેસર રચાયેલ પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. છે અને વાદી કંપની તેની તાબા તળેના નિર્દિષ્ઠ વિસ્તારમાં વિજળીનું વહન, વિતરણ તથા વિજ પુરવઠો પુરો પાડવા સહિતનું વિજ વપરાશ અંગેનું તમામ કામકાજ કરે છે. આ કામના પ્રતિવાદીના વીજ કનેકશનની ચકાસણી વાદી કંપનીના સક્ષમ અધિકારીઓ દ્વારા **તા.૨૯/૦૫/૨૦૨૪** ના રોજ આ કામના પ્રતિવાદીની હાજરીમાં તેઓના

રહેણાંક મકાનમાં વીજ ચેકીંગ કરવામાં આવેલ છે. જેમાં આ કામના પ્રતિવાદી વાદીના ગ્રાહક નથી તેમજ કોઈપણ જાતનું વિજ કનેકશન વાદી કંપની પાસેથી લીધેલ નથી. તેમ છતાં આ કામના પ્રતિવાદી સદર સ્થળ પર ઘરવપરાશના ઉપયોગ માટે ગેરકાયદેસર રીતે વાયર જોડીને બિન અધિકૃત રીતે વાદી વીજ કંપનીના વીજ લાઈનના પોલ ઉપરથી ડાયરેકટ વાયર નાખી બીનઅધિકૃત વિજ વપરાશ કરતાં હોવાનું માલુમ પડેલ છે. જેથી આ કામના પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે ઘરવપરાશ માટે વિજ પાવરનો ચોરી કરીને ઉપયોગ કરેલ છે. જેથી આ કામના વાદી કંપનીએ નિયમ મુજબ આ કામના પ્રતિવાદી પાસે પાવર ચોરી વીજળી બીલનાં તથા મીનીમમ ચાર્જનાં નીચે મુજબના બાકી લેણા રહે છે.

| | |
|---|---|
| એનર્જી ચાર્જીસની રકમ રૂ. | **૧૬૧૪૭/૭૮** |
| ડી.પી.સી. રકમ રૂ. | **૪૦૮૯/૭૫** |
| કુલ રકમ રૂ. | **૨૦૨૩૭/૫૩** |

આમ, ઉપરોકત રકમ વાદી કંપનીના પ્રતિવાદી પાસે બાકી લેણા રહે છે અને સદરહું વાદીની રકમની વાદી કંપનીએ પ્રતિવાદી પાસે અનેકવાર ઉઘરાણી કરવા છતાં, નોટીસ આપેલ હોવા છતાં સદરહુ રકમ આ કામના પ્રતિવાદીએ વસુલ આપતા નથી. જેથી વાદી કંપનીએ ઉપરોકત જણાવેલ કુલ રકમ ઉપર વાર્ષિક ૧૮% ના વ્યાજ લેખે દાવા તારીખથી વસુલ થતાં સુધી વ્યાજ સહીતનું પ્રતિવાદીની જાત તથા તમામ મિલકતથી વસુલ થઈ શકે તેવુ વાદી કંપનીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરૂદ્ધમાં હુકમ તથા હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે.

(૨) આ કામે કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, પ્રતિવાદીને દાવાનો સમન્સ ધોરણસર બજ ગયેલ છે. આમ, પ્રતિવાદીને દાવાનો સમન્સ બજી જવા છતાં આજદિન સુધી તેઓ જાતે કે વકીલશ્રી મારફત હાજર રહેલા નથી કે તેઓ તરફે કોઈ મુદત રીપોર્ટ કે રજુઆત પણ થયેલ નથી. આથી, આ કામના પ્રતિવાદીનો જવાબનો હકક બંધ કરી કામ એકતરફી ચલાવવાનો હુકમ **આંક-૭** થી કરવામાં આવેલ છે.

(૩) આ કામે દાવાનો ન્યાયિક-નિર્ણય કરવા સારુ **આંક-૮** થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે.

| | |
|---|---|
| ૧. | શું વાદી કંપની પુરવાર કરે છે કે, તેઓ વિજ–પુરવઠો સપ્લાય કરવાનું કામ કરે છે અને પ્રતિવાદી પાસેથી બિનઅધિકૃત વિજ–વપરાશ ચોરીના **રૂા.૨૦૨૩૭/૫૩** પૈસા બાકી લેણા તથા તમામ ખર્ચ સહિત વસુલ મેળવવા હકકદાર છે ? |
| ૨. | શું વાદી પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકકદાર છે ? જો હા તો, કેટલા દરથી ? |
| ૩. | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |
| ૪. | શું હુકમ ને હુકમનામુ ? |

(૪) ઉપરોકત મુદ્ધાઓ અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | નકારમાં. |
| ૨. | નકારમાં. |
| ૩. | નકારમાં. |
| ૪. | આખરી હુકમ મુજબ |

(૫) ત્યારબાદ, આ કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવા :–</u>**

| **અનુ.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | વાદી ભુમીબેન રણજીતભાઇ સોની, નાયબ ઇજનેર, ગારીચાધારનું સોગંદનામુ | **૧૦** |

**<u>દસ્તાવેજી પુરાવા :–</u>**

| **અનુ.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર | **૧૧** |
| ૨. | ચેકીંગ શીટ | **૧૩** |
| ૩. | રોજકામ | **૧૪** |
| ૪. | એનેક્ષર–૪ | **૧૫** |
| ૫. | એસેસમેન્ટ | **૧૬** |
| ૬. | પુરવણી બીલ | **૧૭** |
| ૭. | બીલ | **૧૮** |

| | | |
|---|---|---|
| ૮. | એફ.આઈ.આર. નોંધવા ફરીયાદ | **૧૯** |
| ૯. | એફ.આઈ.આર. | **૨૦** |
| ૧૦. | લેજર શીટ | **૨૧** |
| ૧૧. | પરમીશન | **૨૨** |
| ૧૨. | નોટીસ | **૨૩** |
| ૧૩. | પ્રફોર્મા નં.૧૨ | **૨૪** |
| ૧૪. | ફોટોગ્રાફ | **૨૫** |

(૬) આ કામે વાદી તરફે **આંક–૨૬** થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. આ કામે પ્રતિવાદી તરફે એકતરફી હુકમ થયેલ હોય, પ્રતિવાદી તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો કે દલીલ રજુ કરવામાં આવેલ નથી. વાદી તરફે વિ.વ.શ્રી આઈ.એલ.પરમાર ની દલીલો સાંભળી આ કામ હુકમ ઉપર રાખવામાં આવેલ છે.

**<u>–: કારણો :–</u>**

(૭) ઉપરોકત મુદાઓ એકબીજા સાથે અતૂટ રીતે સંકળાયેલા હોઈ, પુરાવાની પુન:ચર્ચા ટાળવાના હેતુથી તમામ મુદ્દાઓના નિર્ણયોના કારણોની ચર્ચા એકસાથે કરેલ છે.

૭.૧) આ કામે વાદીએ **રૂા.૨૦૨૩૭/૫૩ પૈસા** વસુલ મેળવવા માટે હાલનો દાવો પ્રતિવાદી સામે દાખલ કરેલ છે. વાદીએ **આંક–૧૦** થી પોતાના સાહેદ તરીકે ભુમીબેન રણજીતભાઈ સોની, નાયબ ઈજનેર ને તપાસેલા છે, જેઓએ દાવા અરજી મુજબની હકિકતો પોતાના સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે. સદર સાહેદની પ્રતિવાદી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી તેમજ વાદીના મૌખિક પુરાવાનું ઉલટ તપાસના માધ્યમથી પ્રતિવાદી તર્ફે કોઈ ખંડન કરવામાં આવેલ નથી. વધુમાં વાદી તરફે **આંક–૧૩ થી આંક–૨૫** સુધી દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે આ તમામ દસ્તાવેજોને વાદીના સાહેદે પોતાના સરતપાસના સોગંદનામાથી રીફર કરેલ છે. વધુમાં વાદી સાહેદ ધ્વારા **આંક–૧૧** થી ભારતીય સાક્ષ્ય અધિનિયમ કલમ–૬૩(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર પણ રજુ કરવામાં આવેલ છે. <u>પરંતુ</u> હાલના કામે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો એટલે કે **આંક–૧૩ થી ૨૫** સુધીના દસ્તાવેજો જોતાં વાદી ધ્વારા દાવા અરજીમાં જણાવેલ પ્રતિવાદી **ફારૂકભાઈ ઉમરભાઈ દલ** ના હોવાનુ જણાય

આવતું નથી. ઉપરોકત **આંક–૧૩ થી ૨૫** સુધીના દસ્તાવેજો દાવા અરજીમાં જણાવેલ પ્રતિવાદીના બદલે અન્ય વ્યકિત **હુસેનશા હબીબશા ચૌહાણ** ના દસ્તાવેજો હોવાનું જણાય આવે છે. આમ, જયારે વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા પ્રતિવાદીના નામજોગના જ ન હોય તેમજ પ્રતિવાદી ફારૂકભાઈ ઉમરભાઈ દલ ના કોઈ દસ્તાવેજી પુરાવા વાદી તરફે રજુ થયેલ ન હોય, તેવા સંજોગોમાં વાદીની દાવા અરજી મુજબ હાલના કામના પ્રતિવાદી ફારૂકભાઈ ઉમરભાઈ દલ નાઓ ધ્વારા ગેરકાયદેસર રીતે ગ્રાહક ન હોવા છતાં વિજવપરાશ કરેલ હોય તેવુ હાલના કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી પુરવાર થયેલ ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. જેથી મુદ્દા નં.(૧)(૨)(૩) નો જવાબ "નકારમાં" આપી, મુદ્દા નં.(૪) પરત્વેનો આખરી હુકમ નીચે મુજબ ફરમાવું છું.

**–: હુકમ :–**

**(૧)** વાદીનો દાવો આથી **નામંજુર યાને રદ** કરવામાં આવે છે.

**(૨)** હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તારીખ–૦૭, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૭/૦૫/૨૦૨૬
સ્થળ : ગારીયાધાર

(હિતેષકુમાર રસીકલાલ ઠકકર)
પ્રિન્સીપાલ સિવિલ જજ
ગારીયાધાર
Code No.GJ01448

*S.J.Joshi*